**સ્પે. (ઈલેકટ્રીસીટી) કેસ નં.૨૪/૨૦૨૫**

**–: આંક–૧ તળે હુકમ :–**

(૧) આજરોજ તા.૧૪/૩/૨૦૨૬ના રોજ નેશનલ લોકઅદાલત છે. સદર કામની ફરીયાદી પી.જી.વી.સી.એલ. કંપની તરફથી અધિકૃત અધિકારી તથા વિ.એ.પી.પી.શ્રી બી.એસ.જાડેજા હાજર છે. આરોપી હાજર છે. આ કામે આરોપી સામે જામનગર જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.માં સેકન્ડ ગુના રજીસ્ટર નંબર ૧૯૧૨/૨૦૨૫ થી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ છે. જે ગુનો દાખલ થતા તપાસના અંતે વિ.મેજી. કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ થતાં ફો.કે.નં.૧૯૮૪/૨૦૨૫ થી રજીસ્ટરે નોંધાયેલ છે. ત્યારબાદ સદર કેસ ટ્રાન્સમીટ થઈને અત્રેની કોર્ટ સમક્ષ આવતા અત્રેની કોર્ટમાં સ્પે.(ઈલે.) કેસ નં.૨૪/૨૦૨૫ થી નોંધાયેલ છે. આ કામમાં ફરીયાદી વીજ કંપની સાથે આરોપીએ સમાધાન કરતા પુરવણી બીલની રકમ ભરપાઈ કરી આપેલ છે. ફરીયાદી વીજ કંપની તરફ વીજ અધિનિયમ, ૨૦૦૩ કલમ–૧૫૨ની જોગવાઈ મુજબની પુરસીસ આંક–૧૨ થી રજુ કરેલ છે. આ કેસ સમાધાનથી ફેંસલ કરી આરોપીને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૪/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૧૪/૩/૨૦૨૬
(એ.એ.માડમ)

(એસ.વી.વ્યાસ)
સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી),
જી. દેવભૂમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Unique ID Code : GJ-00345)